સુરતની સૌથી મોટી સમસ્યાને ઉકેલવા માટે નવા કમિ. તત્પર

ખાડીપૂર સમીક્ષા સાથે નવા કમિ.એ ચાર્જ લીધો

શહેરમાં સ્વચ્છતા અને પ્રાથમિક સુવિધાઓને પ્રાથમિકતા

સુરત : સુરતમાં તાજેતરમાં જ એક જ માસમાં 3 વખત આવેલા ખાડીપૂરના નકશાને મંગાવીને તેનો અભ્યાસ કરી સંબંધિત અધિકારીઓ સાથે ખાડીપુરના કારણો અને ઉકેલો બાબતે ચર્ચા કરવાની સાથે નવા કમિ. તરીકે રાજકુમાર બેનીવાલે પોતાની કામગીરી શરૂ કરી હતી. નાસિરનગર ડિમોલિશન વિવાદ બાદ સુરત મહાનગરપાલિકાના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે વરિષ્ઠ સનદી અધિકારી રાજકુમાર બેનીવાલે આજે સવારે વિધિવત્ ચાર્જ સંભાળ્યો હતો.22 વર્ષથી વધુના વહીવટી અનુભવ ધરાવતા બેનીવાલે પદભાર સંભાળ્યા બાદ સુરતના વિકાસનું વિઝન સ્પષ્ટ કરતાં 2047 સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં સુરતની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે તેમ જણાવ્યું હતું.

ચાર્જ લેતા કમિશનર રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું કે, સુરતને પણ 2047 સુધીમાં વિશ્વના અગ્રણી વિકસિત શહેરોની હરોળમાં લઈ જવા માટે આયોજનબદ્ધ પ્રયાસો કરવામાં આવશે. સ્વચ્છતા અને નાગરિકોને મળતી પ્રાથમિક સુવિધાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાશે. રોડ-રસ્તા, પાણી, ટ્રાફિક સહિતના મુદ્દે નાગરિકોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ કરાશે.

નાસિરનગરમાં કોર્ટના આદેશ મુજબ કાર્યવાહી થશે

નાસિરનગર ડિમોલિશન પ્રકરણ અંગે નવા કમિશનરે સ્પષ્ટ અભિગમ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સમગ્ર મામલો હાલમાં હાઈકોર્ટ સમક્ષ વિચારાધીન છે. તેથી આ કેસમાં હાઈકોર્ટના નિયમો, આદેશો અને સૂચનાઓને ધ્યાનમાં રાખીને જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

2047ના વિકસિત ભારત માટે સુરતની ભુમિકા મહત્ત્વની રહેશે

સુરત મહાનગરપાલિકાના રૂ. 11 હજાર કરોડના વાર્ષિક બજેટ અને ઝડપથી વિસ્તરતા શહેરના વહીવટની જવાબદારી રાજકુમાર બેનીવાલના શિરે આવી છે. ત્યારે તેમણે ભાર પુર્વક જણાવ્યું હતુ કે, દેશના ગ્રોથ એન્જીનમાં ગુજરાત અને ગુજરાતના ગ્રોથ એન્જીનમાં સુરત મહત્વના છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 2047ના વિકસિત ભારતના કોન્સેપ્ટને સાકાર કરવામાં પણ સુરતની ભુમિકા રાષ્ટ્રીય સ્તરે મહત્વની રહેવાની છે.

સ્વચ્છતા | પાણી | નાગરિક સુવિધા | રસ્તા

સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા તા.12 સપ્ટેમ્બરે લોક અદાલત યોજાશે

સુરતઃ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત દ્વારા આગામી તા. 12 સપ્ટેમ્બર, 2026ના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાશે.જિલ્લા કાનૂની સેવા સત્તામંડળે તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ આ લોક અદાલતનો લાભ લે, લોક અદાલતમાં કેસ રજૂ કરવા માટે અગાઉથી નોંધણી જરૂરી છે. વધુ વિગતો માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના કાર્યાલયનો સંપર્ક કરી શકાય છે.

ભક્તોનું ભક્તિ સ્થાન નાનપુરાનું 80 વર્ષ જૂનું શાંતારેશ્વર મહાદેવ

શ્રાવણમાં મહાદેવનો મહિમા

સુરત : નાનપુરા વિસ્તારમાં આવેલું અંદાજિત 80 વર્ષ જૂનું શાંતારેશ્વર મહાદેવ મંદિર શ્રાવણ માસ દરમિયાન શિવભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બની રહે છે. શ્રાવણના પવિત્ર દિવસોમાં વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો મંદિર ખાતે ઉમટી પડી મહાદેવના દર્શન કરી જળાભિષેક અને પૂજા-અર્ચના કરે છે. મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ જોવા મળે છે. શ્રદ્ધાળુઓ મહાદેવને બિલ્વપત્ર, ફૂલ સહિતની પૂજા સામગ્રી અર્પણ કરી પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. વર્ષો જૂના આ મંદિર સાથે સ્થાનિક લોકોની આસ્થા જોડાયેલી હોવાથી શ્રાવણ માસ દરમિયાન અહીં દિવસભર ભક્તોની અવરજવર રહે છે.

નકલી મંજૂરી પત્રોથી ચાલતી ઉધનાની શાળાની માન્યતા રદ

તત્કાલીન DEOનો કાર્યકાળ પૂર્ણ થયા બાદની તારીખના પત્રોમાં તેમની સહી હોવાનો ખુલાસો

સુરતઃ ઉધનાના દેવેન્દ્રનગર વિસ્તારમાં સંત શ્રી રઘુવરદાસ ગુરુશ્રી ગંગાશરણદાસ વિદ્યાલયના અંગ્રેજી માધ્યમના પ્રાથમિક વિભાગમાં ગંભીર ગેરરીતિઓનો પર્દાફાશ થતાં શિક્ષણ વિભાગે શાળાની માન્યતા રદ કરવાનો શાળાના ધોરણ-૧થી ૫ માટે વર્ષ-૨૦૧૦ અને ધોરણ-૬થી ૮ માટે વર્ષ-૨૦૧૧ના મંજૂરી પ્રમાણપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ બંને દસ્તાવેજોમાં તત્કાલીન જિલ્લા શિક્ષણાધિકારી કે.આર.ઝાંઝરૂકીયાની સહી હોવાનું જણાયું હતું. જોકે, તપાસમાં જાણવા મળ્યું હતું કે, ઝાંઝરૂકીયાનો જિલ્લા શિક્ષણાધિકારી તરીકેનો કાર્યકાળ જૂન-૨૦૧૦માં જ પૂર્ણ થઈ ગયો હતો. આથી ત્યારબાદની તારીખનાં પ્રમાણપત્રોમાં તેમની સહી કેવી રીતે આવી તે અંગે ગંભીર સવાલો ઊભા થયા હતા.

RTEથી માંડીને અનેક ખામીઓ

તપાસ દરમિયાન માત્ર મંજૂરીના દસ્તાવેજો જ નહીં, પરંતુ શાળાની કામગીરીમાં અન્ય ગંભીર ગેરરીતિઓ પણ સામે આવી હતી. શાળામાં RTEના નિયમોનું પાલન થતું ન હોવા ઉપરાંત જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકોનો અભાવ જોવા મળ્યો હતો. શૈક્ષણિક હેતુ માટે મંજૂર પ્લાન અને જરૂરી BU પરમિશનનો પણ અભાવ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ઉપરાંત શાળામાં પૂરતી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ ન હોવા તથા રહેણાક મકાનમાં વર્ગો ચલાવવામાં આવતા હોવાની બાબત પણ તપાસ સમિતિના ધ્યાન પર આવી હતી.

જૂનથી માન્યતા રદ, વિદ્યાર્થીઓને અન્ય ખસેડાશે

હાઇકોર્ટના નિર્દેશ બાદ સમગ્ર મામલે તપાસ અને સુનાવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાથમિક શિક્ષણ નિયામક પી.કે.ત્રિવેદીએ શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૨૬થી શાળાના અંગ્રેજી માધ્યમના ધોરણ-૧થી ૮ના પ્રાથમિક વિભાગની માન્યતા રદ કરવાનો હુકમ કર્યો છે. સાથે જ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નજીકની અન્ય માન્યતા પ્રાપ્ત શાળાઓમાં સમાવવા જિલ્લા શિક્ષણ વિભાગને સૂચના આપવામાં આવી છે.

ઉધના અને કનકપુર ઝોન વિસ્તારમાં 10મીએ પાણીકાપ, છ લાખને અસર

ભેસ્તાન જળવિતરણ મથકની ટ્રાન્સમિશન લાઈનમાં વાલ્વ મુકવાની કામગીરીના પગલે આખા દિવસનો પાણી પુરવઠો ખોરવાશે

સુરતઃ મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા ભેસ્તાન જળવિતરણ મથકના કેમ્પસની બહાર ટ્રાન્સમિશન લાઈન પર વાલ્વ મુકવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી તા. 10 સપ્ટેમ્બરે સાઉથ ઝોન-એ (ઉધના) અને સાઉથ ઝોન-બી (કનકપુર)ના વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ અથવા અસરગ્રસ્ત રહેશે. મનપા દ્વારા જણાવાયું છે કે સવારે 8 વાગ્યાથી કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી ભેસ્તાન જળવિતરણ મથકની કામગીરીને કારણે વડોદ જળવિતરણ મથકના ESR-18ના ટી.પી.58 (નવા બમરોલી) વિસ્તારમાં તેમજ કનકપુર વિસ્તારમાં ESR-04, ESR-05, ESR-14 અને ESR-15ના વિતરણ વિસ્તારોમાં નિયમિત પાણી પુરવઠાને અસર થશે. આ કામગીરીને પગલે અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને અગાઉથી જરૂરી પાણીનો સંગ્રહ કરી રાખવા તેમજ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા મનપાએ અપીલ કરી છે.

ક્યારે-કયા વિસ્તાર અસરગ્રસ્ત થશે?

» સવારે 5થી 1 વાગે : ઉન-પૂર્વ, રાહતનગર, તીરૂપતિ બાલાજી સોસાયટી અને આસપાસનો વિસ્તાર. » ઉન-પશ્ચિમ, ભિંડી બજાર, ઉન ગામતળ, સાંઈ મોહન સોસાયટી વિ-4 અને આસપાસનો વિસ્તાર. » સવારે 9થી બપોરે સાંજે છ વાગેઃ જીઆવ, બુડીયા ગામ અને આસપાસનો વિસ્તાર.ગભેણી ગામતળ, રામેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અને આસપાસનો વિસ્તાર. » સાંજે 4થી રાત્રે 12 વાગ્યેઃ ઉન, તિરૂપતી નગર અને આસપાસનો વિસ્તાર.ગીતાનગર, હરસિદ્ધીનગર, તુલસીધામ, રવિનગર, સત્યનારાયણનગર, જય અંબેનગર, રામેશ્વરમ ગ્રીન, રામેશ્વરમ હિલ્સ, શૃંગલ રેસીડેન્સી, મરાઠાનગર, કૈલાસનગર સહિતનો વિસ્તાર. » ગભેણી, રામેશ્વર ઈન્ડસ્ટ્રીઝ, સોમનાથનગર અને આસપાસનો વિસ્તાર.સોનારી ગામ, સાઈનગર અને આસપાસનો વિસ્તાર.

સંક્ષિપ્ત સમાચાર

ડૉ. મનુ શર્માની 1100 ની રિપ્લેસમેન્ટ સર્જરીની ઉજવણી નિમિત્તે ચેકઅપ કેમ્પ

સુરત : ડૉ. મનુ શર્માની અત્યાર સુધીમાં 1100થી વધુ સફળ ની રિપ્લેસમેન્ટ સર્જરી પૂર્ણ થઈ છે. આ અવસરને યાદગાર બનાવવા આગામી તા.13મી સપ્ટેમ્બરના રોજ વેસુ, ખાટુશ્યામ મંદિરની પાછળ, સોલારિસ કોડે, ધ ક્લિનિક, સુરત ખાતે મેગા ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં ઘૂંટણની સમસ્યા ધરાવતા દર્દીઓને નિષ્ણાત પરામર્શ સાથે તેમની સ્થિતિ અને સારવારના વિકલ્પો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ જહોન્સન & જહોન્સનની ચોથી જનરેશન એડવાન્સ રોબોટિક સિસ્ટમ દ્વારા થતી રોબોટિક આસિસ્ટેડ ની રિપ્લેસમેન્ટ સર્જરી અંગે પણ માહિતી આપવામાં આવશે.

થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે ભેસ્તાન પોલીસનો રક્તદાન કેમ્પ યોજાયો

સુરતઃ થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને નિયમિત રક્તની જરૂરિયાત પૂરી પાડવાના હેતુથી સુરત શહેર પોલીસ દ્વારા દત્તક લેવામાં આવેલા થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે ભેસ્તાન પોલીસ સ્ટેશન દ્વારા આજે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૮ બ્લડ બેન્કના સહયોગથી આશરે ૫૦૦ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં ભેસ્તાન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર સહિત પોલીસ સ્ટાફે પણ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. પોલીસ કર્મચારીઓ ઉપરાંત સ્થાનિક આગેવાનો અને વેપારીઓએ પણ કેમ્પમાં હાજરી આપી રક્તદાન કરી સામાજિક જવાબદારી નિભાવી હતી.

પ્રેસિડન્સી સ્કૂલમાં યોજાયો પારંપરિક ગુરૂજન સન્માન સમારોહ

સુરતઃ ન્યુ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં શિક્ષકદિન નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ 30 મા 'ગુરુજન સન્માન સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર પટેલ સેવાસમાજના પ્રમુખ અને સામાજિક અગ્રણી કાનજીભાઈ ભાલાળા તથા અતિથિવિશેષપદે જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પી. એમ. શાહ હાજર રહ્યા હતા તેમના હસ્તે વિવિધ સંસ્થાઓમાંથી નિવૃત્ત થયેલ ત્રણ શિક્ષકોનું સન્માન કરાયું હતું.ટ્રસ્ટી હિતેન્દ્ર ચુડાવાળા દ્વારા મહેમાનું સ્વાગત કરાયું, ટ્રસ્ટી અને પ્રાધ્યાપક એન. એમ. કારિયાએ મહેમાનો અને ગુરુવર્યોનો પરિચય આપી સન્માન કરાવ્યું હતું. પ્રિ. ડો. અશ્વિન પટેલ (નવયુગ સાયન્સ કોલેજ), કીકુભાઈ પટેલ (ન. મો. ઝવેરી યુનિયન હાઈસ્કૂલ) તથા સંજય શાહ (બી. બી. સાર્વજનિક હાઈસ્કૂલ, કરચેલિયા) વયમર્યાદાના કારણે નિવૃત થતા તેઓને સન્માનવામાં આવ્યા હતા.

ઊભા થવા જતાં દાદરની સિલિંગ માથામાં વાગતા યુવકનું મોત

પિતા સાથે હાથલારી બનાવતી વખતે કરુણ ઘટના બની

સુરતઃ અમરોલી વિસ્તારમાં પિતા સાથે મિસ્ત્રી કામમાં મદદ કરી રહેલા 22 વર્ષીય યુવકને દાદરની સિલિંગનો ભાગ માથામાં વાગતા ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર દરમિયાન યુવકનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ કચ્છના વતની ગોવિંદભાઈ મકવાણા હાલ અમરોલીના ગણેશપુરા વિસ્તારમાં આવેલી પંચવટી સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને મિસ્ત્રીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો 22 વર્ષીય પુત્ર જનક પણ પિતાને મિસ્ત્રીકામમાં મદદરૂપ થતો હતો. આશરે પાંચ દિવસ અગાઉ જનક તેના પિતા સાથે ઘરના ગ્રાઉન્ડ ફ્લોર પર લાકડાની હાથલારી બનાવવાનું કામ કરી રહ્યો હતો. દરમિયાન જનક અચાનક ઊભો થવા જતાં દાદરની સિલિંગનો ભાગ તેના માથામાં જોરથી વાગ્યો હતો. અકસ્માતમાં જનકને ગંભીર ઈજાઓ થતાં પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પ્રાથમિક સારવાર બાદ તેની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં, સારવાર દરમિયાન રવિવારે મોડી રાત્રે જનકનું મોત નીપજ્યું હતું. યુવાન પુત્રના આકસ્મિક મોતથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. બનાવ અંગે અમરોલી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

નવા કમિ.ની ધમાકેદાર શરૂઆત, છ ઈમારતોમાં ગેરકાયદે માળ તોડાયા

અશ્વિનીકુમાર વિસ્તારમાં 5 બિલ્ડિંગમાં બે અને એકમાં એક માળ તાણી બંધાયા હતા, 9 લાખનો વહીવટી ચાર્જ વસૂલાયો

સુરતઃ નવા કમિ. રાજકુમાર બેનીવાલે ચાર્જ લીધાના પ્રથમ દિવસે જ સપાટો બોલાવ્યો છે. જેમાં અશ્વિનીકુમાર વિસ્તારમાં છ બિલ્ડિંગ્સમાં નિયમ વિરુદ્ધ કરવામાં આવેલા બાંધકામ સામે મનપા દ્વારા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

મનપા પાસેથી મળેલી વિગતો મુજબ આ સ્થળે બિલ્ડરને ગ્રાઉન્ડ પ્લસ ચાર (G+4) માળની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, મંજૂર પ્લાનની વિરુદ્ધ જઈને વધારાના બે માળનું બાંધકામ કરી કુલ છ માળ ઊભા કરી દેવામાં આવ્યા હતા. કુલ 11 યુનિટ પૈકી પાંચ યુનિટમાં એક-એક વધારાનો માળ હોવાનું પણ સામે આવ્યું હતું. મધ્યસ્થ શહેરી વિકાસ વિભાગના વડા ડેપ્યુટી કમિશનર ધર્મેશ મીસ્ત્રી તેમજ શહેરી વિકાસ અધિકારી સંજય પટેલ દ્વારા ગેરકાયદે બાંધકામ અંગે અગાઉ નોટિસો પાઠવી કામ બંધ કરવા સૂચના આપવામાં આવી હોવા છતાં બાંધકામ ચાલુ રાખવામાં આવતાં આખરે મનપાની ટીમે ડિમોલિશન શરૂ કર્યું હતું. છ બિલ્ડિંગમાં નિયમ વિરુદ્ધ ઊભા કરાયેલા વધારાના માળનું અંદાજે 1800 ચોરસ મીટર જેટલું RCC સ્ટ્રક્ચર અને ચણતરકામ તોડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ડેપ્યુટી ટાઉન પ્લાનર ધર્મેશ આર.પટેલે જણાવ્યું હતું કે, મનપાની કાર્યવાહી દરમિયાન રૂ.9 લાખનો વહીવટી ચાર્જ ભરવાની બાંયધરી આપવામાં આવતાં ડિમોલિશનની કામગીરી અટકાવવામાં આવી હતી.

વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારો કરનાર સગીરની અટકાયત

સુરત : સ્વતંત્રતા દિવસના પ્રસંગે તા. ૧૫ ઓગસ્ટના રોજ વંદે ભારત એક્સપ્રેસ ઉધના-સુરત રેલ સેક્શન પરથી પસાર થઈ રહી હતી ત્યારે અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા કોચ C-1 પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ટ્રેનની બારીનો કાચ સંપૂર્ણપણે તૂટી ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને RPFએ તપાસ શરૂ કરતાં તા. ૨૨ ઓગસ્ટે સચિન અને ભેસ્તાન વચ્ચે રેલવે ટ્રેક નજીક શંકાસ્પદ હાલતમાં ફરી રહેલા એક કિશોરને અટકાવીને પૂછપરછ કરવામાં આવતા તેણે કબૂલાત કરી હતી કે તે મિત્ર સાથે ક્રિકેટ રમતો હતો ત્યારે બોલ શોધતી વખતે ટ્રેન જોઈને પાટા પરથી પથ્થર ઉપાડીને મારી દીધો હતો. સગીરની અટકાયત કરાઈ છે.

નાસીરનગર કેસમાં મનપા તરફેથી એડ્વોકેટ જનરલ ખસી ગયા

સુરતઃ નાસીરનગરના અસરગ્રસ્તો દ્વારા કરવામાં આવેલી પિટિશન તેમજ કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિ દ્વારા સસ્પેન્શનને પડકારતી પિટિશનના બંને કેસમાં મનપા તરફથી કોર્ટમાં રજૂ થતા એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ કેસમાંથી હટી જવાની મનપાને જાણ કરી હોવાનું સામે આવ્યું છે. જેને પગલે મનપાના વહીવટી તંત્રમાં નવા વકીલની ગોઠવણને લઈને દોડધામ શરૂ થઈ છે. મહત્વનું એ છે કે, આજે જ સુરતના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે રાજકુમાર બેનીવાલે ચાર્જ સંભાળ્યો છે અને પદભાર સંભાળતાની સાથે જ તેમની સામે નાસીરનગરના બંને મહત્વના કેસોમાં મનપાની કાનૂની બાજુ મજબૂત રાખવાનો પડકાર ઊભો થયો છે. આ મુદ્દે કમિશનર બેનીવાલે ડેપ્યુટી કમિશનર નીધી સીવાચ, ધર્મેશ મિસ્ત્રી અને મનીષ ડોકટર સાથે ચર્ચા કરી હોવાનું જાણવા મળે છે.

લેબગ્રોન પોલિશ્ડ હીરાના ભાવમાં 20થી 25 ટકા વધારો કરવા નિર્ણય

ભાવ તોડીને વેપાર નહીં કરવા અને 7 ટકા રકમ કાપી પેમેન્ટ આપવાની પ્રથા બંધ કરવા વેપારીઓની પ્રતિજ્ઞા

સુરત : સુરતના લેબગ્રોન ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા આગેવાનોએ પોલિશ્ડ હીરાના ભાવમાં 20થી 25 ટકા વધારો કરવાનો સામૂહિક નિર્ણય લીધો છે.

લેબગ્રોન ડાયમંડ એસોસિએશન સુરત દ્વારા સોમવારે સાંજે કતારગામના આંબા તલાવડી સ્થિત પાટીદાર સમાજ ભવન ખાતે લેબગ્રોન ડાયમંડ ઉત્પાદકો, વેપારીઓ અને બ્રોકરોનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં લેબગ્રોન કારોબાર સાથે સંકળાયેલા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં એસોસિએશનના પ્રમુખ બાબુભાઈ વાઘાણી, ઉપપ્રમુખ હરેશભાઈ નારોલા તેમજ જયેશભાઈ લાઠીયા, અજયભાઈ દરેડ, પિયુષભાઈ સુદાણી, મુકેશભાઈ પટેલ (ગ્રીન લેબ), વેલજીભાઈ શેટા, કેશુભાઈ ગોટી અને ચિરાગભાઈ શાહ સહિતના આગેવાનોએ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યની વ્યૂહરચના અંગે માર્ગદર્શન આપ્યું હતું. લેબગ્રોન ડાયમંડ એસોસિએશનના પ્રમુખ બાબુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હાલમાં રફ અને પોલિશ્ડ લેબગ્રોન ડાયમંડના ભાવ વચ્ચેનું સંતુલન બગડી ગયું છે. વેપારીઓ ઉતાવળે અને ધીરજ ગુમાવીને પોલિશ્ડ હીરા સસ્તા ભાવે વેચી રહ્યા હોવાથી સમગ્ર ઈન્ડસ્ટ્રીઝને નુકસાન થઈ રહ્યું છે.

રત્નકલાકારો અને કામદારોના મહેનતાણા ઘટાડવા સામે પણ ચેતવણી

આગેવાનોએ રત્નકલાકારો અને કામદારોના મહેનતાણા ઘટાડવા સામે પણ ચેતવણી આપી હતી. લેબરની અછત વધી રહી છે ત્યારે મજૂરીના ભાવ તોડવાથી ભવિષ્યમાં કુશળ કામદારોની ગંભીર કમી સર્જાઈ શકે છે. આગામી નવરાત્રિ અને દિવાળીના તહેવારો દરમિયાન અજાણી પાર્ટીઓ સાથે સોદા કરવામાં સાવચેતી રાખવા અને પૂરતી ખરાઈ કર્યા બાદ જ વેપાર કરવા અપીલ કરવામાં આવી હતી. લેબગ્રોન ઉદ્યોગને કપરી સ્થિતિમાંથી બહાર કાઢવા માટે તમામ વેપારીઓ અને ઉદ્યોગકારોએ એકતા અને શિસ્ત સાથે કામ કરવાની જરૂર હોવાનું આગેવાનોએ ભારપૂર્વક જણાવ્યું હતું.

ગેરકાયદે બાંધકામ સામે મોટા વરાછાના રહીશોનો મોરચો

મોટા વરાછામાં સાંઈ બંગ્લોઝ સોસાયટીમાં વારંવાર ફરિયાદ છતાં કાર્યવાહી નહીં થતાં રહીશોની ડિમોલિશનની માંગ

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં આવેલી સાંઈ બંગ્લોઝ સોસાયટીમાં માર્જિનની જગ્યા કવર કરીને કરવામાં આવેલા બાંધકામના વિરોધમાં રહીશોએ સોમવારે સુરત મહાનગરપાલિકાના સરથાણા ઝોન ખાતે મોરચો માંડ્યો હતો.

મળતી માહિતી મુજબ મોટા વરાછામાં કૃષ્ણા ટાઉનશિપ સામે સાંઈ બંગ્લોઝ સોસાયટી આવેલી છે. સોસાયટીના એક મકાન માલિક દ્વારા માર્જિનની જગ્યા કવર કરી બાંધકામ કરવામાં આવ્યું હોવાનો સ્થાનિક રહીશોનો આક્ષેપ છે. આ બાંધકામને લઈને રહીશોએ અગાઉ સરથાણા ઝોનમાં અનેક વખત ફરિયાદો કરી હતી. જોકે, ફરિયાદો બાદ પણ બાંધકામ સામે સંતોષકારક કાર્યવાહી કરવામાં આવી ન હોવાનો આક્ષેપ કરતાં સોમવારે રહીશો મોટી સંખ્યામાં સરથાણા ઝોન કચેરીએ પહોંચ્યા હતા. રહીશોએ મનપા વિરોધી સૂત્રોચ્ચાર કરી અધિકારીઓ સમક્ષ પોતાની રજૂઆત કરી હતી. રહીશોએ સ્પષ્ટ માંગ કરી હતી કે, માર્જિનની જગ્યા પર કરવામાં આવેલું નિયમ વિરુદ્ધ બાંધકામ તાત્કાલિક દૂર કરવામાં આવે અને નિયમોનો ભંગ કરનાર સામે મનપાના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે. ફરિયાદો છતાં કાર્યવાહી ન થાય તો આગામી દિવસોમાં આ મુદ્દે આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ રહીશો દ્વારા આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આજનો પ્રથમ દિવસ સાધના અને આત્માની શુદ્ધિનો છે

સુરતઃ પર્યુષણ પર્વનો પહેલો દિવસ 'સાધના અને આત્મશુદ્ધિની શરૂઆત'નો દિવસ ગણાય છે. આ દિવસથી સાધક પોતાના સાંસારિક સંબંધો, મોહ-માયા અને કોલાહલથી દૂર થઈને અંતરાત્મા તરફ પ્રયાણ કરે છે. પ્રથમ દિવસ અંતરમુખી બનવાનો સંદેશ આપે છે. જેમાં આપણને બાહ્ય જગતમાંથી મનને હટાવીને નિજ સ્વરૂપમાં સ્થિર થવાની પ્રેરણા આપે છે. મન, વચન અને કાયાની શુદ્ધિ કરવાનો પણ દિવસ છે. આ દિવસે વિષય-ભોગનો ત્યાગ કરીને ઉપવાસ, એકાસણું, સ્વાધ્યાય અને મૌન જેવા નિયમો ગ્રહણ કરવામાં આવે છે. પાપોનું પ્રાયશ્ચિત કરાય છે. ભૂતકાળમાં થયેલી ભૂલોનું સ્મરણ કરી આત્માને પવિત્ર કરવા માટે સામાયિક અને પ્રતિક્રમણની સાધનાનો આરંભ થાય છે. તમામ જીવો પ્રત્યે દયા દાખવવી અને કોઈને પણ મન, વચન કે કર્મથી દુઃખ ન પહોંચાડવાનો સંકલ્પ આ દિવસે લેવામાં આવે છે.